નવી સેવા વર્ષ–૨૦૧૪–૧૫.
ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ,ગુજરાત રાજયની તાબાની નવરચિત જિલ્લા કચેરીઓ માટે નવા વાહન ખરીદવાની મંજૂરી બાબતે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ હગદ–૧૦૨૦૧૩–૧૮૯૭–ફ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૧૬/૦૭/૨૦૧૪

વંચાણે લીધાઃ–

(૧) ડાયરેકટર જનરોલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રજય, અમદાવાદનો પત્ર ક્રમાંકઃકજ/એમટી/નવીસેવા / ૩૩૦/૭૨૩ થી ૨૫/૧૩, તા. ૨૦/૧૧/૨૦૧૩
(૨) ગૃહ વિભાગની તા. ૬/૦૫/૨૦૧૪ ની બેઠકની કાર્યવાહી નોંધ
(૩) નાણા વિભાગનો તા. ૮/૦૫/૨૦૧૪ નો પરિપત્ર ક્રમાંકઃઅપબ/૧૦૨૦૧૪/૧૦૩૧/ક(બજેટ)
(૪) નાણા વિભાગનો તા. ૧૩/૫/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ મકમ/૨૦૧૪/૧/ના.શા.(ગૃહ)
(૫) ગૃહ વિભાગની તા. ૧૪/૦૫/૨૦૧૪ની બેઠકની કાર્યવાહી નોંધ.

ઠરાવઃ–

ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના સંદર્ભ (૧) થી કરેલ દરખાસ્ત મુજબ નવરચિત જિલ્લા માટે વર્ષ–૨૦૧૪–૧૫ ની નવી સેવા તરીકે વાહનો ખરીદવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે જુના જિલ્લાઓ પોરબંદર, તાપી અને આહવા–ડાંગ માટે રૂા. ૧૮.૪૫ (અંકે રુપિયા અઢાર લાખ અને પીસ્તાલીસ હજાર પુરા) ની ૦૩ નંગ ટાટાસુમો ખરીદવાની બાબત વર્ષ–૨૦૧૪–૧૫ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ મુજબ નીચે મુજબની શરતોને તથા પ્લાન સીલીંગ મર્યાદાને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ–

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
(૪) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૦૬/યુઓ–૮/ઘ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૭) બંદર અને વાહનવ્યવહાર વિભાગ ધ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે. તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહિ.

(૮) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે અને તે હેઠળ ચાલુ વર્ષ–૨૦૧૪–૧૫ ના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧)માંગણી ક્રમાંકઃ | ૪૬ |
| (૨)મુખ્ય સદર | ૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| (૩)પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪)ગૌણ સદર | ૧૦૭ હોમગાર્ડઝ |
| (૫)પેટા સદર | ૦૧ હોમગાર્ડ પ્લાન (25% CSS) |
| (૬)ખર્ચનો પ્રકાર | આયોજન હેઠળ (પ્લાન) |
| (૭) હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| (૮)સ્કીમ કોડ | ૧૧૪૫૨૫ |
| (૯)પ્લાન કોડ | MEP-25 |

૩. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની તા. ૨૩/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડયા)**
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

નકલ રવાનાઃ–

- કમાન્ડન્ટ જનરલશ્રી, જે.ડી.નગરવાલા પોલીસ સ્ટેડીમ સામે, ટ્રાન્સફરી હોસ્ટેલ, શાહીબાગ, અમદાવાદ–૩૮૦૦૦૪.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ.